सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૯/૦૬/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૧૯/૦૬/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**૮મા અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (કુ. એમ.ડી.જાદવ મેડમ)**
**ની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક:–** | **૨૪૬૧૫/૨૦૨૫** |
| **આંક:–** | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ૧૧૨૦૮૦૩૭૨૫૦૦૧૧૯/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન:– | કુવાડવા રોડ પો.સ્ટે. |
| **ફરિયાદી:**– | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | વિ.એપીપીશ્રી કે. બી. જાડેજા |
| **આરોપી:**– | (૧) રોહીત રાણાજી ઠાકોર<br>(૨) દશરથ રાણાજી ઠાકોર |
| બચાવપક્ષે:– | વિ. વ. શ્રી. આર.વી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૧૨/૦૩/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૧૩/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૦૪/૦૬/૨૦૨૫ |
| તહોમતનામુ ઘડયા તારીખ:– | ૦૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૩૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૦૭/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૦૭/૦૫/૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

## –:: આરોપીની વિગત ::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રોહીત રાણાજી ઠાકોર | – | – | બી.એન.એસ. કલમ – ૧૧૫ (૨), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટ કલમ – ૧૩૫ | નિર્દોષ | –– | –– |

## –: ચુકાદાનું પરિશિષ્ટ :–

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી**

અ. ફરિયાદપક્ષ ના મૌખીક પુરાવા ચુકાદા મુજબ

અ. ફરિયાદપક્ષ ના દસ્તાવેજી પુરાવા ચુકાદા મુજબ

**બ. બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાક | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | – |

**ક. અદાલત દ્વારા**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાક | અદાલત દ્રારા કોઈ સાહેદ તપાસેલ નથી. | – |

**બ. બચાવ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષ દ્રારા કોઈ પુરાવો રજુ થયેલ નથી. | – |

**<u>ક. ન્યાયાલય</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | -- |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

## -: ચુ કા દો :-

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપીઓએ અગાઉ ફરીયાદીના નાના ભાઈની સાથે મારામારી અને ઝપાઝપી કરીને ઢીકાપાટુનો મુંઢમાર મારેલ જેની ફરીયાદ અન્વયે આ કામના બંને આરોપીઓ અગાઉ થયેલ ફરીયાદમાં આરોપીઓ સાથે બનાવવાળી જગ્યાએ ઝઘડો કરવા ગયેલ હોય અને હાલની ફરીયાદના ફરીયાદીએ તેઓને ઝઘડો ન કરવા માટે સમજાવતા હોય તે દરમ્યાન આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે માર મારી ઝપાઝપી કરી આરોપી રોહીતે લાકડાનું બામ્બુ માથાના ભાગે મારતા ફરીયાદીને ઈજા થયેલ હોવાનું જણાય આવતા બી.એન.એસ. કલમ - ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ - ૧૩૫ મુજબનો ગુનો કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૦૨) ત્યારબાદ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, કોર્ટ દ્વારા આ કામના આરોપીને સમન્સ કરતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ - ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક-૭ થી આરોપીઓ સામે ત્હોમતનામું ઘડી બાદ આરોપીની પ્લી આંક - ૮ નોંધતા આરોપીઓ એ પોતાની સામેના

તહોમતનો ઈન્કાર કરી સદર કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને કેસનું કામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ .

(૦૩) ત્યારબાદ ફરીયાદીપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: મૌખીક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | બળદેવભાઈ રાણાભાઈ ઠાકોરની જુબાની | ૧૦ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૧ |
| ૨ | સ્થાનીક જગ્યાનું પંચનામું, મુદ્દામાલ કબ્જે કરયાનું પંચનામું, શરીર સ્થિતીનું પંચનામું | ૧૨ – ૧૪ |
| ૩ | અસલ સારવાર સર્ટી. | ૧૫ |
| ૪ | જાહેરનામાની નકલ | ૧૬ |
| ૫ | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

(૦૪) ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૦૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૦૬) હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપીઓએ અગાઉ ફરીયાદીના નાના ભાઈની સાથે મારામારી અને ઝપાઝપી કરીને ઢીકાપાટુનો મુંઢમાર મારેલ જેની ફરીયાદ અન્વયે આ કામના બંને આરોપીઓ અગાઉ થયેલ ફરીયાદમાં આરોપીઓ સાથે બનાવવાળી જગ્યાએ ઝઘડો કરવા ગયેલ હોય અને હાલની ફરીયાદના ફરીયાદીએ તેઓને ઝઘડો ન કરવા માટે સમજાવતા હોય તે દરમ્યાન આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે માર મારી ઝપાઝપી કરી આરોપી રોહીતે લાકડાનું બામ્બુ માથાના ભાગે મારતા ફરીયાદીને ઈજા થયેલ હોય બી.એન.એસ. કલમ - ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ - ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

## –:: કા ર ણો ::–

### મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–

(૦૯) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે આ કામે સૌપ્રથમ આંક –૧૦ થી ફરિયાદી બળદેવભાઈ રાણાભાઈ ઠાકોરે સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૧૨ / ૦૩ / ૨૦૨૫ નારોજ હુ તથા મારા ભાઈ દશરથ અને રોહિતભાઈ દિવેલીચાપરા ખાતે આવેલ બીટકીટ સ્નેક કારખાનાની બાજુમાં હતા ત્યારે રાહુલભાઈ રસીકભાઈ તથા વિપુલભાઈ નાઓએ મારી સાથે મારે કોઈ દશરથ અને છોકરી બાબતે સામાન્ય બોલાચાલી કરેલ બાદમાં તે દિવસે સાડા અગિયારેક વાગ્યે હુ બીટકીટ સ્નેક કારખાનાની અંદર ગયેલ ત્યારે મારી પાછળ મારા ભાઈ દશરથ અને રોહિત આવેલા અને પાંચ વાગ્યે થયેલી બોલાચાલી બાબતે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજો કોઈ બનાવ બનેલ નહીંઈ મારા ભાઈ રાહુલ અને દશરથનાઓએ મારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ હોય જે સાંજે પાંચ વાગ્યે રાહુલભાઈ તથા રસીકભાઈ તથા વિપુલભાઈ સાથે થયેલ સામાન્ય બોલાચાલી બાબતે થયેલ હોય જેથી મે મારી ફરિયાદ રાહુલભાઈ, રસીકભાઈ, વિપુલભાઈ નાઓ વિરુધ્ધ આપેલીલ હાલ મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે આ કામે રજુ દાખલ આંક – ૧૫ આપવામાં આવે છે.

અમો હાલનો આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ સાહેદો તપાસવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા નથી. એ વાત ખરી છે કે આરોપી અમારા ભાઈ થતા હોય હાલનો કેસ અમારે આગળ ચલાવવો નથી.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર થતા સરકાર તરફે કરવામાં આવેલ ફેર તપાસામા જણાવે છે કે, એ વાત ખરી નથી કે મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ હોય કે તારીખ ૧૨/૦૩/૨૦૨૫ ના રાત્રીના નવેક વાગ્યાની આસપાસ હુ ઘરે જમતો હતો ત્યારે બહાર દેકારાનો અવાજ આવતા જઈને જોતા મારા નાનાભાઈ દશરથ સાથે માલિયાસણ ખાતે રહેતા રાહુલ, રસિકભાઈ, વિપુલભાઈ ગાળાગાળી કરી માથાકુટ કરતા હોય જેથી હુ વચ્ચે પડતા

ત્રણેય જણાએ મારી સાથે બોલાચાલી અને ઝઘડો કરી ઝપાઝપી કરી ઢીકાપાટુનો મુંઢ માર મારી રાહુલ પરમારે ખીલીવાળુ લાકડાનુ પાટીયુ મારતા મને માથાના ભાગે ઈજા થયેલ હોય અને લોહી નીકળવા લાગેલ હોય અને મારા નવા પિતા લક્ષ્મણભાઈએ ૧૦૮ બોલાવી સારવાર માટે દાખલ કરેલ અને બનાવ બનવાનુ કારણ મારા ભાઈ દશરથને જેની સાથે પ્રેમસબંધ હોય તેના વિશે રાહુલભાઈ જેમ તેમ બોલતા મારા ભાઈએ બોલવાની ના પાડતા ઝઘડો થયેલ હોવાનુ જણાવેલ હોય. એ વાત ખરી નથી કે મે આપેલ વિશેષ નિવેદનમાં એવુ જણાવેલ હોય કે હુ બીટકીટ સ્નેક કારખાનામાં અંદર ગયેલ ત્યારે દશરથ અને રાહુલ ત્યા આવી બોલાચાલી કરી ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગેલ હોય અને મારા નવા પિતા લક્ષ્મણભાઈએ બન્ને ને મારથી બચાવવા વચ્ચે પડેલ હોય અને મારા ભાઈ રોહિતે બાજુમા પડેલ લાકડાનુ બામ્બુ મને માથામા મારતા લોહી નીકળવા લાગેલ હોય. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તૈયાર કાગળમાં અમારી સહી લીધેલી એ સીવાય કશુ બનેલ નહિ. એ વાત ખરી છે કે હાલ અમો આ કેસ ચલાવવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા નથી કે કોઈ સાહેદો તપાસવા માંગતા નથી.

(૧૦) આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપ રીઝનેબલ ડાઉટ યોગ્ય પુરાવો રજુ કરીને તે પુરવાર કરવાના હોય છે. ટૂંકમાં આરોપીઓ દોષિત છે, તેવું પુરતો અને વિશ્વાસનીય પુરાવો રજુ કરી પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, આરોપીઓ દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર

કરવાનું ફરીયાદપક્ષ ચૂકે તો તેવી સ્થીતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. આ પૂર્વભુમિકાના સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ઼ં મુલ્યાંકન કરીને આ કામના આરોપીઓ દવારા ફરીયાદ હકીકત મુજબનો જે આક્ષેપ ફરીયાદપક્ષે કરેલ છે, તે નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકે છે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

તદઉપરાંત, નામ. સર્વોચ્ચ અદાલતે તેમના ઘણા જજમેન્ટોમાં પ્રસ્થાપિત કરેલ છે કે, "Prosecution has to establish case on its own legs. weakness of defense can not be used as circumstances in favor of prosecution." તેમજ પુરાવાના કાયદાની કલમ – ૧૦૧ ની જોગવાઈ જોવામા આવે તો '' જે એમ ઈચ્છતો હોઈ કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી વિષે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબીત કરવી પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.'' તે પ્રમાણે તેમજ પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પણ જે પક્ષકાર ઉપર સાબીતીનો બોજો હોય તેણે સફળ થવા માટે પ્રથમદર્શનીય કેસ સાબીત કરવો જોઈએ તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીના કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતો નથી. તેણે તેના પોતાના હકકના આધારે સફળ થવું જોઈએ અને પોતાનાની સ્પષ્ટ સાબીતી આપવી જોઈએ.

(૧૧) આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો4 આ કામના ફરીયાદીએ આ કામના આરોપીઓએ અગાઉ ફરીયાદીના નાના ભાઈની સાથે મારામારી અને ઝપાઝપી કરીને ઢીકાપાટુનો મુંઢમાર મારેલ જેની ફરીયાદ અન્વયે આ કામના બંને

આરોપીઓ અગાઉ થયેલ ફરીયાદમાં આરોપીઓ સાથે બનાવવાળી જગ્યાએ ઝઘડો કરવા ગયેલ હોય અને હાલની ફરીયાદના ફરીયાદીએ તેઓને ઝઘડો ન કરવા માટે સમજાવતા હોય તે દરમ્યાન આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે માર મારી ઝપાઝપી કરી આરોપી રોહીતે લાકડાનું બામ્બુ માથાના ભાગે મારતા ફરીયાદીને ઈજા થયેલ હોવાનું જણાય આવતા બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ આપેલ છે અને તેમની ફરિયાદ તપાસ કરનાર અધિકારી શ્રી એ રજીસ્ટર લીધેલ છે આથી સદરહુ ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન ફરિયાદપક્ષે ખુબજ મહત્વનું બની જાય છે.

આમ સદરહુ ફરિયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ ગુના સબંધે સબંધીત પો. સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ છે અને તેઓની ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તથા પંચનામા કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરેલ છે. તેઓ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી અને ફરિયાદ હકીકતનો ઈન્કાર કરેલ છે અને ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આરોપીએ તહોમતમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ તેનો ઈન્કાર કરે છે. ફરિયાદ હકીકતને લેસમાત્ર સમર્થન આપતા નથી. તેમજ આ કામે રજુ થયેલ પેપર્સ જોતા વિશેષ સાક્ષી કે પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવી ફરિયાદપક્ષ નો પુરાવો બંધ થયાનું જાહેર કરતી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે. જેથી ફરીયાદપક્ષે વધુ સાહેદો તપાસવામાં આવે તો કોઈ ફળદાયક હકીકત મળી શકે તેમ ન હોય ફરિયાદ પક્ષ નો પુરાવો બંધ કરવામાં આવેલ છે તેમજ ફરિયાદી તેની ફરિયાદ હકીકતને સમર્થન આપતા નથી તેમજ ફરિયાદ હકીકતનો ઈન્કાર કરે છે ત્યારે ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા જોતા પણ આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવામાં સદંતર

નિષ્ફળ જાય છે. ત્યારે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો તહોમત મુજબનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર–૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના આરોપીઓને બી.એન.એસ. કલમ – ૧૧૫ (૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી રાખવામાં આવે છે.

આ કામમાં આજરોજ તારીખ – ૦૭, માહે – ૦૫ સને–૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તા. ૦૭/૦૫/૨૦૨૬

**(મિતલબેન દિલીપસિંહ જાદવ)**
૮મા અધિક જયુડી.મેજી.ફ.ક.,
રા જ કો ટ.
UIC NO.GJ01746